<u>મોજશોખ માટે બાઈક ચોરી કરતા ઈસમોને પકડી પાડતી, સુરત શહેર વરાછા પોલીસ</u>

સુરત શહેરના વરાછા પો.સ્ટે. વિસ્તારમાં લુંટ ચોરી તેમજ મિલ્કત સંબંધી ગુના વધવા પામેલ હોય, જે વણશોધાયેલ ગુન્હો શોધી કાઢવા માટે વરાછા પો.સ્ટે.ના પો.સ.ઈ.શ્રી પી.ડી.વાંદા તથા તેમની ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ASI સાગરભાઈ સંજયભાઈ પ્રધાન તથા પો.કો. વિકાસ મધુકર નાઓને મળેલ બાતમી આધારે બે અજાણ્યા ઈસમો ચોરીની બાઈકો સાથે ઘનશ્યામનગર પાસેથી પસાર થનાર છે. તેવી હકિકતવાળી જગ્યાએ વોચમાં હતા તે દરમ્યાન બન્ને ઈસમો ઘનશ્યામનગર પાસેથી પસાર થતાં તેઓને પકડી, તેઓના નામઠામની ખાત્રી કરતા (૧) નિકુંલભાઈ ઉર્ફે કિષ્ણા રાજુભાઈ હિંગ રહે.૩૦૧, ભગીરથ સોસા., વિ-૧, પાંચ નંબરની શેરી, વરાછા, સુરત. મુળ રહે-સમઢીયાળા તા-ખાંભા જી-અમરેલી તથા (૨) ગુલાબકુમાર પુન્નાવાસી નિશાદ રહે.૩૩.૩૪, મોહનનગર વરાછા, સુરત મુળ વતન-મુસરતલમા તા-ખલીલાબાદ જી-ખલીલાબાદ (યુ.પી) નાઓના હોવાનું જણાવેલ તેમજ સદરી ઈસમો પાસેથી વાહનોની ખરાઈ કરતા તેમાં (૧) GJ-05-KM-8525 નંબરની હીરો કંપનીની કાળા કલરની સ્પ્લેન્ડર મો.સા. તથા (૨) નંબર પ્લેટ વગરની હીરો કંપનીની કાળા સીલ્વર પટ્ટાવાળી કાળા કલરની સ્પ્લેન્ડર મો.સા. જેઓની પુછપરછ કરતા મજકુર આરોપીઓએ સદર મો.સા. મોજશોખ માટે ચોરી કરેલ હોવાનું જણાવેલ હોય, <u>શોધાયેલ ગુન્હાઓ</u> (૧) વરાછા પો.સ્ટે. । ગુ.ર.નં. ૭૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૨) ખેડા ટાઉન પો.સ્ટે. । ગુ.ર.નં. ૧૬/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ. <u>આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ</u> (૧) પુણા પો.સ્ટે. । ગુ.ર.નં. ૧૫૨/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ (૨) પુણા પો.સ્ટે. । ગુ.ર.નં. ૧૬૫/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ (૩) પુણા પો.સ્ટે. । ગુ.ર.નં. ૧૬૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ (૪) પી.સી.બી./પાસા/DTN/૨૪૪/૧૫ તા.૨૧/૧૨/૨૦૧૫ ઉપરોક્ત તમામ ગુન્હાઓ વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.